**<u>ઉનાના મે. અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટ માં, ઉના-ગીર સોમનાથ</u>**

**<u>ફોજદારી કેસ નંબર : ૭૪૭/૨૦૨૫</u>**

**<u>આંક: ૩૧</u>**

ફરિયાદ દાખલ તારીખ : ૨૦.૦૩.૨૦૨૫
ફરિયાદ નોંધ્યા તારીખ : ૨૦.૦૩.૨૦૨૫
ફરિયાદ ફેંસલ તારીખ : ૨૮.૦૫.૨૦૨૫
વર્ષ: ૦૧ માસ: ૦૨ દિવસ: ૦૮

ફરિયાદી : શ્રી ગ્લોબલ ક્રેડિટ અને ગ્રાહક સહકારી મંડળી લિ.ઉના ના મેનેજર શ્રી પ્રિતીબેન રમેશચંદ્ર ત્રિવેદી.

વિરૂધ્ધ

આરોપી : **અક્ષયભાઈ છગનભાઈ બાંભણીયા**
ઉ.વ.૨૮, ધંધો-ખાતર-બિયારણ નો વેપાર.
રહેવાસી : ગોલ્ડન સોસાયટી નં - ૧, ગીરગઢડા રોડ, ઉના.
મોબાઈલ નંબર : ૮૨૦૦૧૭૬૫૭૫.

---

**ગુન્હો : ધી વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબનો**

---

ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી એ.એન.દેશાવલ
આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી એચ.બી.જમાણી

---

# :: ઠ રા વ ::

## ૦૧. ફરિયાદ ની ટુંક માં હકીકત ::-

ફરિયાદપક્ષ ના કેસ ની ટુંક માં હકીકત એવી છે કે આ કામના આરોપીએ ફરિયાદી સંસ્થા પાસે થી ધંધાના વિકાસ માટે તા. ૩૦.૦૯.૨૦૨૩ ના રોજ ખાતા નંબર : ૩૭૫૪ થી રૂા. ૩૦,૦૦૦/- પુરાની લોન લીધેલ હતી જે લોન ની બાકી રકમ નો ચેક રૂા. ૧૮૩૫૩/- પુરાનો બેંક ઓફ ઈન્ડીયા શાખાનો ચેક નંબર : ૦૬૧૪૭૬, તા. ૨૦.૦૨.૨૦૨૫ વાળા ચેક માં સહી કરી લખી આપેલ. સદર ચેક સંસ્થા એ તેમના ખાતામાં ભરતાં સદર ચેક અપૂરતાં ભંડોળ ના કારણે પરત ફરેલો. જેથી ફરિયાદી દ્વારા તા. ૦૧.૦૩.૨૦૨૫ ના રોજ આરોપીને ડીમાન્ડ નોટીશ આપવામાં આવેલ જે નોટીશ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ સંસ્થા માં જઈ તેની લેણી રકમ ભરપાઇ કરેલ ન હોવાના કારણે ફરિયાદી દ્વારા હાલ ની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. જે ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઇ આવે છે.

## ૦૨. ફરિયાદ-સમયમર્યાદા ::-

હાલ ની ફરિયાદ વંચાણે લેવામાં આવે તો હાલની ફરિયાદ તા. ૨૦.૦૩.૨૦૨૫ ના રોજ નામદાર કોર્ટ માં દાખલ થયેલ છે. હાલ ના કામે રજુ ચેક આંક : ૧૦ વાળો ધ્યાને લેવામાં આવે તો સદર ચેક તા. ૨૦.૦૨.૨૦૨૫ ના રોજ નો રૂા. ૧૮૩૫૩/-નો ચેક નંબર : ૦૬૧૪૭૬ નો બેંક ઓફ ઈન્ડીયા ઉના શાખા નો છે. સદર ચેક ફરિયાદી દ્વારા તા. ૨૧.૦૨.૨૦૨૫ ના રોજ બેંક માં ભરતાં સદર ચેક અપૂરતાં ભંડોળ ના કારણે પરત ફરેલ છે. જે બેંક રીર્ટન મેમો આંક : ૧૧ થી હાલ ના કામે રજુ છે. ફરિયાદી દ્વારા તા. ૦૧.૦૩.૨૦૨૫ ના રોજ આરોપી ને ડીમાન્ડ નોટીશ આપવામાં આવેલ છે જે આરોપી ને તા. ૦૪.૦૩.૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે જેની પોસ્ટ ખાતા ની એકનોલેજમેન્ટ આંક : ૧૩ થી રજુ છે. હાલ ની ફરિયાદ નામદાર કોર્ટ માં ફરિયાદી દ્વારા તા. ૨૦.૦૩.૨૦૨૫ ના રોજ દાખલ કરી દેવામાં આવેલ છે. આમ, ફરિયાદ એ સમયમર્યાદામાં છે જે હકીકત પ્રથમદર્શનીય રીતે ફલિત થાય છે.

## ૦૩. આરોપી ની પ્લી-મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ::-

આરોપી ને હાલ ની ફરિયાદ અન્વયે ધોરણસર સમન્સ ની બજવણી થતાં તેઓ નામદાર કોર્ટ માં તેમના વિ.વકીલ શ્રી મારફત હાજર થયેલા અને તેઓને ફરિયાદ ના કાગળો વિનામુલ્યે મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક : ૦૭ થી તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં તેઓએ જણાવેલ કે તેઓને ગુન્હો કબુલ નથી તેમજ તેઓને કેસ આગળ ચલાવવો છે. જેથી હાલ ના કેસ ની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. હાલ ની ફરિયાદ અન્વયે કેસ ને સમન્સ ટ્રાયેબલ તરીકે ચલાવવા માટે કોઈ હુકમ જણાઈ આવેલ નથી પરંતુ કેસ સમય મર્યાદામાં ફેંસલ થયેલ ન હોય હાલ ની ટ્રાયલ એ સમન્સ ટ્રાયલ ચાલેલ હોવાનું માની લેવામાં આવેલ છે. પક્ષકારો દ્વારા નીચે મુજબ ના દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ રાખવામાં આવેલા છે.

| | | |
|---|---|---|
| ૦૧. | ફરિયાદી નું સરતપાસનું સોગંદનામું | આંક : ૦૫ |
| ૦૨. | અસલ ચેક | આંક : ૧૦ |
| ૦૩. | બેંક રીટર્ન મેમો | આંક : ૧૧ |
| ૦૪. | નોટીશ ની ઓફિસ કોપી | આંક : ૧૨ |
| ૦૫. | પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ | આંક : ૧૩ |
| ૦૬. | લોન ખાતાનો ઉતારો | આંક : ૧૪ |
| ૦૭. | ફરિયાદ દાખલ કરવા નો ઠરાવ | આંક : ૧૫ |
| ૦૮. | લોન ધીરાણ ફોર્મ | આંક : ૧૯ |
| ૦૯. | લોન ધીરાણ કરાર | આંક : ૨૦ |
| ૧૦. | જામીન ખત | આંક : ૨૧ |
| ૧૧. | સોગંદનામું | આંક : ૨૨ |
| ૧૨. | લેટર ઓફ ગેરંટી | આંક : ૨૩ |
| ૧૩. | ડીમાન્ડ પ્રોમીસરી નોટ | આંક : ૨૪ |
| ૧૪. | ૬૫બી પ્રમાણપત્ર | આંક : ૨૯ |

ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી કારણ કે આરોપી સમગ્ર ટ્રાયલ દરમ્યાન નામદાર કોર્ટ માં હાજર રહેલા નથી. આરોપી ની પ્લી લીધા બાદ તેઓ નામદાર કોર્ટ માં હાજર રહેલા નથી

તેમજ તેમના વિ.વકીલ શ્રી દ્વારા કેસ ની કાર્યવાહી આગળ ચલાવેલ નથી. જેથી તેમના તમામ ટ્રાયલ ના હકકો નામદાર કોર્ટ દ્વારા બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક : ૩૦ થી ફરિયાદપક્ષે રજુ લેખિત દલીલો વંચાણે લીધી.

**૦૪. <u>પુરાવાઓ નું મુલ્યાંકન અને કોર્ટ નિર્ણય ::-</u>**

**૪.૧** શું ફરિયાદી એ હકીકત પુરવાર કરે છે કે આ કામના આરોપી ને જે રકમ નું ધીરાણ કરેલ તે પૈકી બાકી રહેતી રકમ નો આરોપી દ્વારા ફરિયાદવાળો ચેક આપવામાં આવેલ અને સદર ચેક એ અપૂરતાં ભંડોળ ના કારણે પરત ફરેલ અને ફરિયાદી સંસ્થાને તેમની બાકી રહેતી લેણી રકમ મળેલ શકેલ નહિં અને તેમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ-૧૩૮ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૪.૨** શું હુકમ ?

ઉપરોકત જણાવેલા મુદ્દાઓ ના નિર્ણયો હવે પછી જણાવેલા કારણો ને આધારે નીચે મુજબ છે.

૦૧. હકારમાં,

૦૨. આખરી હુકમ મુજબ.

**૪.3** સૌ પ્રથમ હાલ ના કેસ નું રેકર્ડ જોતાં ફરિયાદ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે. જેથી હાલ ની ફરિયાદ ને કોઈ કાયદાકીય મેન્ડેટરી જોગવાઈઓ નો બાધ નડતો નથી.

- To establish an offence under section : 138, the complainant must prove ;
- A cheque was issued by the accused on an account maintained by him.
- The cheque was issued for discharge of a legally enforceable debt or liability.
- The cheque was presented within its validity period.
- The cheque was dishonoured.

- A statutory demand notice was issued within 30 days from receipt of dishonour memo.
- The drawer failed to make payment within 15 days of receipt of notice.
- According to section : 118 of the act Presumption that every negotiable intrument was made drawn for consideration.
- According to section : 139 of the act Presumption that the holder received the cheque for discharge of debt or liability. Thease presumptions are mandatory presumptions once execution/signature of cheque is admitted or proved.
- The accused need not prove defence beyond reasonable doubt. He only needs to rebut the presumption on the standard of proponderance of probabilities. Section : 139 includes presumption of legally enforceable debt. Accused can rebut on balance of probabilities. Accused may rely on complainant's own evidence, defence need not be proved beyond reasonable doubt. Bare denial is insufficient, accused must raise a probable defence.

૦૫. રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ જો ધ્યાને લેવામાં આવે તો આરોપી સમગ્ર ટ્રાયલ દરમ્યના નામદાર કોર્ટ માં હાજર રહેલા નથી. પોતે ફરિયાદી દ્વારા રજુ પુરાવાઓ નું ખંડન કરતો કોઇ પુરાવો રજુ રાખેલ નથી કે પોતાનો કોઇ પ્રોબેબલ ડીફેન્સ જાહેર કરેલ નથી. રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ વંચાણે લેવામાં આવે તો તેમાં આંક : ૧૯ થી લોન ધીરાણ ફોર્મ રજુ રાખવામાં આવેલ છે જે ફોર્મ વંચાણે લેતાં તેમાં આરોપીને રૂા. ૩૦,૦૦૦/- ની ધંધાર્થે લોન આપવામાં આવેલ છે જે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. આંક : ૨૦ થી રજુ ધીરાણ નો કરાર વંચાણે લેવામાં આવે તો તેમાં એ હકીકત સ્પષ્ટપણે જણાઇ આવે છે કે દર માસે રૂા.

૧૯૧૪/- નો હપ્તો તેમજ ૧૮ માસિક હપ્તા લેખે લોન આપવામાં આવેલ છે. આંક : ૨૨ વાળું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપી ની સહી છે અને જામીનદાર ની સહી છે જેમાં રૂા. ૩૦૦૦૦/- ની ફરિયાદી સંસ્થા દ્વારા લોન આપેલ હોવાની હકીકત સાબિત થાય છે. આંક : ૨૩ થી રજુ લેટર ઓફ ગેરંટી વંચાણે લેવામાં આવે તો તેમાં પણ આરોપી દ્વારા સહી કરવામાં આવેલ છે અને સંસ્થા ની તમામ શરતો નો સ્વીકાર કરવામાં આવેલ છે. આંક : ૨૪ થી ડીમાન્ડ પ્રોમીસરી નોટ વંચાણે લેવામાં આવે તો તેમાં પણ આરોપી નું નામ તથા સહી જણાઈ આવેલ છે. ઉપરોકત જણાવેલ તમામ હકીકતો ને ખંડન કરતો કોઈ પુરાવો બચાવપક્ષે રજુ રાખવામાં આવેલ નથી. સદર લોન પૈકી આરોપીએ રૂા. ૧૮૦૦૦/- ભરપાઈ કરી દીધેલ છે અને બાકીની રકમ એટલે કે રૂા. ૧૯૧૨૬/- તા. ૧૨.૦૩.૨૦૨૫ ના રોજ બાકી લેણી રકમ આંક : ૧૪ વાળા લોન ખાતાના ઉતારામાં દર્શાવવામાં આવેલ છે. આમ, ફરિયાદી સંસ્થા ને આરોપી પાસે જે બાકી લેણી રકમ નીકળે છે જે કાયદેસર ની લેણી રકમ તરીકે સાબિત થાય છે. જેથી ફરિયાદી સંસ્થા આરોપી પાસે ફરિયાદવાળા ચેક ની રકમ મેળવવા માટે હકકદાર બને છે. જેથી ફરિયાદવાળો ચેક એ કાયદેસર ના લેણાં પેટે જ આપવામાં આવેલ એક વેલિડ ચેક છે. જે હકીકત હાલ ની ફરિયાદ અન્વયે સ્પષ્ટપણે સાબિત થાય છે. જેથી આરોપી હાલ ના કેસ માં તકસીરવાન ઠરે છે જેથી મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપી મુદ્દા નંબર : ૦૨ અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

- આરોપી અક્ષયભાઈ છગનભાઈ બાંભણીયા ને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૮(૨) અન્વયે ધી વટાઉખત અધિનિયમ ની કલમ-૧૩૮ મુજબ ના ગુન્હા માં તકસીરવાન ઠરાવી ને એક વર્ષ ની સાદી કેદ ની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીને આથી આદેશ કરવામાં આવે છે કે તેમણે ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૯૫(૩) મુજબ ફરિયાદી સંસ્થાને રૂા. ૨૫૦૦૦/- વળતર

ની રકમ પેટે દિન-૩૦ માં ચુકવી આપવા અને જો આરોપી સદર વળતર ની રકમ ચુકવવા માં નિષ્ફળ જાય તો આરોપીને ૦૧ માસ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી હાજર ન હોય તેમની ગેરહાજરી માં જજમેન્ટ જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી સામે નોન-બેલેલબલ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

*હુકમ આજ રોજ તારીખ : ૦૩.૦૬.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.*

તારીખ : ૦૩.૦૬.૨૦૨૬
ઉના. જી. ગીર સોમનાથ.

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઉના. કોડ નં : જીજે. ૦૧૧૦૦.

*Type by one self.*